सत्यमेव जयते

# ગુજરાત સરકાર
# કાયદા વિભાગ

## ૧૯૮૫ અધિનિયમ નંબર-૧૧

## ધી ગુજરાત પછાત વર્ગ વિકાસ અધિનિયમ ૧૯૮૫

(તા. 30-૯-૯૦ સુધી સુધારેલ)

Extra No. 83 REGISTRED NO. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Basette
## EXTRAORDINARY
### PUBLISHED BY AUTHORITY

**Vol. XXVI] MONDAY, AUGUST 5, 1985/SRAVANA 14, 1907**

**Separate paging is given to this Part in order that it may be filed as a separate Compilation**

# PART IX

**Gujarati translation of Bills, Acts and Notification other than those published in otehr parts.**

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૮૫

તારીખ ૨૪મી જુલાઈ ૧૯૮૫ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૮૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

શ.ન. મહેતા

સરકારના નાયબ સચિવ

# Gujarat Act No. 11 Of 1985.

# The Gujarat backward Classes Development Corporation Act, 1985

ગુજરાત વિધાન મંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૮૫ના જુલાઇ મહિનાની ૨૦મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**જે.પી.વસાવડા,**

ગુજરાત સરકારના કાયદા વિભાગના સચિવ.

## Gujarat Act No. 11 Of 1985

*AN ACT*

*to Provide for the establishment of a Corporation for the advancement of the socially and educationally backward class citizens in the State of Gujarat and for matters connected therewith.*

**સન ૧૯૮૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૧.**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૮૫ના જુલાઇ મહિનાની ૨૪ મી તારીખે " ગુજરાત રાજપત્ર" માં (અંગ્રેજી)માં પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

**ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકોની ઉન્નતિ માટે કોર્પોરેશન સ્થાપવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના છત્રીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે. :-

**પ્રકરણ -૧**

**પ્રારંભિક**

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ આરંભ**

૧. (૧) આ અધિનિયમ ' ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

**વ્યાખ્યા.**

૨. આ અધિનિયમમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

(ક) "ખેતી" માં ડેરી ઉદ્યોગનો, મરઘાં-બતકાં ઉછેરનાં, પશુ સંવર્ધનનો, મત્સ્ય ઉછેરનો કોસેટા ઉછેરનો અને વન સંવર્ધનનો સમાવેશ થાય છે. અને " ખેતી વિષયક" એ સંજ્ઞાનો અર્થ તદ્નુસારથશે ;

(ખ) "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો નાગરિક" એટલે અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા કોઇ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો નાગરિક ;

**સન ૧૯૩૨ નો ૯મો.**

(ગ) " પછાત વર્ગ સંગઠન" એટલે ભારત ભાગીદારી અધિનિયમ ૧૯૩૨ હેઠળ રજિસ્ટર થયેલ પેઢી અથવા કોઇ મંડળી, જેના, યથાપ્રસંગ, તમામ ભાગીદારો અથવા મોટા ભાગના ભાગીદારો અથવા એવી મંડળીના તમામ સભ્યો અથવા મોટા ભાગના સભ્યો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિક હોય.

સ્પષ્ટીકરણ :- કોઇ મંડળીમાં (જેનો આમાં હવે પછી, " મુખ્ય મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં), તેના સભ્ય તરીકે બીજી મંડળી (જેનો આમાં હવે પછી, " અભ્ય મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ) હોય અને એવી મંડળીના તમામ સભ્યો અથવા મોટા ભાગના સભ્યો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિક હોય ત્યારે આવી સભ્ય-મંડળી , સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકોની મુખ્ય મંડળીનો સભ્ય છે એમ ગણાશે.

(ઘ) " અધ્યક્ષ" એટલે કોર્પોરેશનના અધ્યક્ષ ;

(ચ) " નાગરિક એટલે ભારતનો નાગરિક;

(છ) " કોર્પોરેશન" એટલે કલમ ૪ હેઠળ સ્થપાયેલ ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન ;

(જ) "ડિરેક્ટર" એટલે કોર્પોરેશનના ડિરેક્ટર અને તેમાં, અધ્યક્ષનો સમાવેશ થાય છે ;

(ઝ) " મેનેજીંગ ડિરેક્ટર" એટલે કલમ ૬ની પેટા કલમ (૩) હેઠળ મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમાયેલ ડિરેક્ટર ;

(ટ) " બજાર વ્યવસ્થા" એટલે ખેતી વિષયક અથવા ઔદ્યોગિક ઉત્પન્નનાં હેરફેર, વર્ગીકરણ, એકત્રીકરણ, બજાર વ્યવસ્થા અને વેચાણ સંબંધી તમામ પ્રવૃત્તિઓ, પછી તે ઉત્પન્ન, મૂળ રૂપમાં અથવા અર્ધ - પ્રક્રિયા કરેલા રૂપમાં અથવા પ્રક્રિયા કરેલા રૂપમાં હોય કે ન હોય તો પણ ;

(ઠ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ડ) "પ્રક્રિયા" એટલે ખેતીવિષયક ઉત્પન્ન અથવા ઔદ્યોગિક ઉત્પન્નનું ખરીદ વેચાણ કરી શકાય અથવા વપરાશ માટે તેને યોગ્ય બનાવી શકાય તે માટે, તેની પ્રક્રિયાને લગતી તમામ પ્રવૃત્તિઓ અને તેમાં, કાચા માલની ખરીદી અને સ્ટોરેજનો સાધન સામગ્રીની ખરીદીનો અને પ્રક્રિયા માટે જોઇતી યંત્રસામગ્રીની ખરીદી, સ્થાપના અને સંચાલનનો અને તૈયાર કરેલા ઉત્પન્નના સ્ટોરેજનો સમાવેશ થાય છે. ;

(ઢ) "વિનિયમ" એટલે કલમ ૨૮ હેઠળ કરેલો વિનિયમ ;

(ત) " લઘુ ઉદ્યોગ" એટલે ગૃહ ઉદ્યોગ અથવા કોઇ ઉદ્યોગ, જેમાં મૂડીનું રોકાણ, ઠરાવવામાં આવે તે રકમ કરતાં વધુ ન હોય ;

(થ) " મંડળી" એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ રજિસ્ટર થયેલી મંડળી અથવા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલી અથવા રજિસ્ટર થયેલી ગણાતી સહકારી મંડળી ; સન ૧૮૬૦ નો ૨૧મો

સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો

(દ) "પુરવઠો અને સ્ટોરેજ" એટલે ખેતી વિષયક સામગ્રીનો પુરવઠો અને સ્ટોરેજ અને સ્ટોરેજ, કોલ્ડ સ્ટોરેજ અને વખારોનાં સ્થાપના, નિભાવ અને સંચાલન.

## પ્રકરણ-૨

## કોર્પોરેશનની સ્થાપના અને રચના.

૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી, પોતાના અભિપ્રાય પ્રમાણે જે કોઇ વર્ગ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય તે વર્ગને, અનુસૂચિમાં ઉમેરી શકશે અને તેમ થયે, એવી રીતે ઉમેરેલ વર્ગ, આ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ છે એમ ગણાશે. **અનુસૂચિમાં ઊમેરવાની રાજ્ય સરકારની સત્તા.**

(૨) પેટા કલમ (૧) હેઠળ બહાર પાડેલું દરેક જાહેરનામું, તે કાઢવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવિસ સુધી મૂકવું જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યું હોય તે સત્ર અથવા ત્યાર પછીના તરત આવતા સત્ર દરમિયાન, રાજ્ય વિધાનમંડળ, તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઇ ફેરફાર કરે તેને અધીન રહેશે. રાજ્યવિધાનમંડળ એવી રીતે જે કાંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તે, આ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. અને તેમ થયે, તે અમલમાં આવશે.

૪. (૧) ગુજરાત રાજ્યમાં પછાત વર્ગના નાગરિકોની ઉન્નતિ સુનિશ્ચિત કરવાના હેતુ માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી, તે જાહેરનામા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી, ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન -એ નામના કોર્પોરેશનની સ્થાપના કરી શકાશે. **કોર્પોરેશનની સ્થાપના અને સંસ્થાપન.**

(૨) કોર્પોરેશન સંસ્થાપિત મંડળ રહેશે, તેને શાશ્વત ઉત્તરાધિકાર અ ને સામાન્ય સિક્કો રહેશે. અને કોર્પોરેશનના નામથી તે દાવો માંડી શકશે. અને તેના ઉપર દાવો માંડી શકાશે અને જંગમ અને સ્થાવર , એ બંને મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે જરૂરી તમામ કાર્યો કરવાની તેને સત્તા રહેશે.

૫. કોર્પોરેશનનું મુખ્ય મથક ગાંધીનગરમાં અથવા રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી, નિદિષ્ટ કરે તેવા બીજા સ્થળે રહેશે.

૬. (૧) કોર્પોરેશન વધુમાં વધુ પંદર ડિરેકટરોનું બનશે, જેઓને રાજ્ય સરકાર નિયુક્ત કરશેઃ પરંતુ ઓછામાં ઓછા ત્રણ ડિરેકટરો સરકારી અધિકારીઓ હોવા જોઇએ. અને બાકીના ડિરેકટરો બિન-સરકારી અધિકારીઓ હોવા જોઇએ. અને તેમને, રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે કૃષિ, કૃષિઉદ્યોગો, જળ-વિકાસ યોજના, નાણાં, સહકાર સંબંધી અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકોની સામાજિક આર્થિક સમસ્યા સંબંધી બાબતોનું ખાસ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ હોય તેવી વ્યક્તિઓમાંથી નિયુક્ત કરવામાં આવશેઃ

વધુમાં, ઓછામાં ઓછા છ ડિરેકટરો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકો હોવા જોઇશે.

(૨) રાજ્ય સરકાર, ડિરેકટરો પૈકી એક ડિરેકટરને અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) રાજ્ય સરકાર, સરકારી ડિરેકટરો પૈકી એક સરકારી ડિરેકટરને કોર્પોરેશનનાં મેનેજિંગ ડિરેકટર તરીકે નીમશે.

૭. (૧) મેનેજીંગ ડિરેકટર સિવાયના ડિરેકટર, તેમની નિયુક્તિની તારીખથી બે વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે : **ડિરેકટરોના હોદ્દાની મુદત અને તેઓની નિમણૂકની શરતો.**

પરંતુ છૂટા થતા ડિરેક્ટર, પોતાના હોદ્દાની મુદત પૂરી થાય તે છતાં, પોતાના અનુગામીની નિયુક્તિ ન થાય ત્યાં સુધી, હોદ્દો ધરાવતા ચાલુ રહેશે.

(૨) છૂટા થતાં ડિરેક્ટર, કોર્પોરેશનમાં ફરી નિયુક્ત થવા માટે લાયક રહેશે.

(૩) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, મેનેજીંગ ડિરેક્ટર સિવાયના ડિરેક્ટરોની નિમણૂંકની બોલીઓ અને શરતો અને તેમને આપવાનાં ફી અને ભથ્થાં, ઠરાવવામાં આવે તેવાં રહેશે.

**પ્રાસંગિક ખાલી જગાઓ ભરવા બાબત.**

૮. ડિરેક્ટરના હોદ્દાની જગા, મૃત્યુ, રાજીનામું અથવા અન્ય કોઇ કારણસર ખાલી પડે, તો તે જગા, કલમ ૬ માં જોગવાઇ કરેલી રીતે રાજ્ય સરકારે ભરવી જોઇશે. અને એવી ખાલી જગા ભરવા માટે ડિરેક્ટર તરીકે નિયુક્ત થયેલ કોઇ વ્યક્તિ, તેનાં પુરોગામીના હોદ્દાની બાકી રહેલી મુદત સુધી હોદ્દો ધરાવશે.

**ડિરેક્ટરના હોદ્દા માટેની ગેરલાયકાતો.**

૯. કોઇ વ્યક્તિ, નીચેના સંજોગોમાં ડિરેક્ટર તરીકે નિયુક્ત થવા માટે અને તેવા ડિરેક્ટર તરીકે રહેવા માટે ગેરલાયક ગણાશે.

(ક) તે નાદાર ઠરે અથવા કોઇપણ સમયે નાદાર ઠરી હોય અથવા તેણે તેનાં દેવાની ચુકવણી મોકૂફ રાખી હોય અથવા તેનાં લેણદારો સાથે પતાવટ કરી હોય તો; અથવા

(ખ) તે અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતી કોર્ટે તેને તેમ જાહેર કરી હોય, તો; અથવા

(ગ) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે , નૈતિક અધઃ પતન વાળા ગુના માટે તે દોષિત ઠરે અથવા તેને દોષિત ઠરાવવામાં આવી હોય અથવા નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ તે દોષિત ઠરી હોય, તો; અથવા

(ઘ) કોઇ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની અથવા કોઇ રાજ્ય સરકારની અથવા કેન્દ્ર સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોર્પોરેશનની નોકરીમાંથી તેને દૂર કરવામાં અથવા બરતરફ કરવામાં આવે અથવા દૂર કરવામાં, અથવા બરતરફ કરવામાં આવી હોય, તો.

**અમુક સંજોગોમાં ડિરેક્ટરે ભાગ નહીંલેવા બાબત.**

૧૦. કોર્પોરેશનની બેઠકમાં વિચારણા માટે આવતી કોઇપણ બાબતમાં, જે કોઇ ડિરેક્ટર કંઇપણ પ્રત્યક્ષ કે પરોક્ષ આર્થિક હિત ધરાવતાં હોય તે ડિરેક્ટર, પ્રસ્તુત સંજોગો પોતાની જાણમાં આવ્યા પછી, બનતી ત્વરાએ, એવી બેઠકમાં પોતાના હિતનો પ્રકાર જણાવવો જોઇશે અને તેણે જાહેર કરેલી વિગત કોર્પોરેશનની કાર્યનોંધમાં નોંધવી જોઇશે અને તે બાબત સંબંધી કોર્પોરેશનની કંઇપણ વિચારણા અથવા નિર્ણયમાં તે ડિરેક્ટરથી કશો ભાગ લઇ શકાશે નહિ.

**ડિરેક્ટરને હોદ્દા ઉપરથી દૂર કરવા અને તેના રાજીનામા બાબત.**

૧૧. (૧) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે, કોઇ ડિરેક્ટર-

(ક) કલમ-૯ માં જણાવેલી કોઇપણ ગેરલાયકાતવાળા હોય અથવા થયા હોય, તો;

(ખ) કોર્પોરેશનના અભિપ્રાય પ્રમાણે, તેમની ગેરહાજરી ક્ષમ્ય ગણાય તે માટેનાં પૂરતાં કારણ વગર, કોર્પોરેશનની લાગલગાટ ત્રણ કરતાં વધુ બેઠકોમાં કોર્પોરેશનની રજા વિના ગેરહાજર હોય, તો;

(ગ) કલમ - ૧૦ની જોગવાઇઓનું ઉલ્લંઘન થાય તે રીતે વર્ત્યા હોય, તો; અથવા

(ઘ) પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂંક માટે દોષિત થયા હોય, તો,

રાજ્ય સરકાર, કલમ ૭ માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઇપણ સમયે, એવા ડિરેક્ટરને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે;

પરંતુ સૂચિત હુકમ સામે કારણ દર્શાવાની ડિરેક્ટરને વાજબી તક આપ્યા વિના, તેને દૂર કરવાનો હુકમ કરી શકાશે નહિ.

(૨) ડિરેક્ટર, રાજ્ય સરકારને, લેખિત નોટીસ આપીને, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું સ્વીકારવામાં આવ્યે તેમણે, તેમનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

**મેનેજિંગ ડિરેક્ટર.**

૧૨. (૧) મેનેજીંગ ડિરેક્ટર, કોર્પોરેશનના પૂરા સમયના અધિકારી રહેશે અને તેઓ-

(ક) કોર્પોરેશનના મુખ્ય કારોબારી અધિકારી થશે.

(ખ) કોર્પોરેશનનું કામકાજ ચલાવવા માટે અને કોર્પોરેશને મંજૂર કરેલી સામાન્ય નીતિના અમલ માટે જવાબદાર રહેશે,

(ગ) કોર્પોરેશન, વિનિયમોથી અથવા અન્યથા તેમને સોંપે તેવી ફરજો બજાવશે.

(ઘ) કોર્પોરેશન સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકાર મંજૂર કરે તે પગાર અને ભથ્થાં તેમને મળશે. અને તેવી નોકરીની બોલીઓ અને શરતો તેમને લાગુ પડશે.

(૨) મેનેજિંગ ડિરેક્ટર, અશક્તતાને કારણે અથવા અન્યથજા, તેમની ફરજો બજાવી શકે તેમ ન હોય અથવા રજા લઇને અથવા તેમનો હોદ્દો ખાલી થતો ન હોય તેવા સંજોગોમાં અન્યથા ગેરહાજર રહ્યા હોય, તો રાજ્ય સરકાર, તેમની ગેરહાજરી દરમિયાન તેમની જગાએ કામ કરવા બીજી વ્યક્તિ ને નીમી શકશે.

**કોર્પોરેશનના અધિકારીઓ અને અન્ય નોકરો.**

૧૩. (૧) કોર્પોરેશન, તેનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા પોતાને જરૂરી લાગે તે અધિકારીઓ અને અન્ય નોકરોને નીમી શકશે અને તેમની નિમણૂંક અને નોકરીની શરતો અને તેમને આપવાનાં મહેનતાણાં વિનિયમોથી અથવા અન્યથા નક્કી કરી શકશે.

(૨) કોર્પોરેશન, સામાન્ય અથવા ખાસ હુકમથી, મેનેજિંગ ડિરેક્ટરને અથવા કોર્પોરેશનના અન્ય કોઇ અધિકારી અથવા નોકરને, વિનિયમો કરવાની સત્તા સિવાયની પોતે જરૂરી ગણે તેવી, આ અધિનિયમ હેઠળની તેની સત્તા અને ફરજો, પૈકીની કોઇપણ સત્તા અને ફરજ, નિદિષ્ટ કરવામાં આવે તે શરતો અને મર્યાદા હોય, તો તેને આધીન રહીને, સોંપી શકાશે.

**કોર્પોરેશનની બેઠકો.**

૧૪. (૧) વિનિયમોથી ઠરાવવામાં આવે તે સમયે અને તે સ્થળોએ કોર્પોરેશન મળશે અને તેની બેઠકોમાં (એવી બેઠકોમાં કોરમ સહિત) કાર્ય સંચાલન અંગે સદરહુ વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોનું તે પાલન કરશે.

(૨) અધ્યક્ષ અથવા કોઇપણ કારણે કોઇ બેઠકમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોય. તો તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચૂંટેલા અન્ય કોઇ ડિરેક્ટર, કોર્પોરેશનની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૩) કોર્પોરેશનની કોઇ બેઠક સમક્ષ આવતા તમામ પ્રશ્નોનો નિર્ણય, હાજર રહીને મત આપતા ડિરેક્ટરોની બહુમતિથી કરવામાં આવશે. અને મતો સરખા પડે તે પ્રસંગે, અધ્યક્ષને અથવા તેમની ગેરહાજરીમાં, અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિને, બીજો અથવા નિર્ણાયક મત રહેશે, જે તેઓ વાપરશે.

(ઘ) પોતાની ફરજો બજાવવામાં ગેરવર્તણૂંક માટે દોષિત થયા હોય, તો,

રાજ્ય સરકાર, કલમ ૭ માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઇપણ સમયે, એવા ડિરેક્ટરને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે;

પરંતુ સૂચિત હુકમ સામે કારણ દર્શાવાની ડિરેક્ટરને વાજબી તક આપ્યા વિના, તેને દૂર કરવાનો હુકમ કરી શકાશે નહિ.

(૨) ડિરેક્ટર, રાજ્ય સરકારને, લેખિત નોટીસ આપીને, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું સ્વીકારવામાં આવ્યે તેમણે, તેમનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

**મેનેજિંગ ડિરેક્ટર.**

૧૨. (૧) મેનેજીંગ ડિરેક્ટર, કોર્પોરેશનના પૂરા સમયના અધિકારી રહેશે અને તેઓ-

(ક) કોર્પોરેશનના મુખ્ય કારોબારી અધિકારી થશે.

(ખ) કોર્પોરેશનનું કામકાજ ચલાવવા માટે અને કોર્પોરેશને મંજૂર કરેલી સામાન્ય નીતિના અમલ માટે જવાબદાર રહેશે,

(ગ) કોર્પોરેશન, વિનિયમોથી અથવા અન્યથા તેમને સોંપે તેવી ફરજો બજાવશે.

(ઘ) કોર્પોરેશન સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકાર મંજૂર કરે તે પગાર અને ભથ્થાં તેમને મળશે. અને તેવી નોકરીની બોલીઓ અને શરતો તેમને લાગુ પડશે.

(૨) મેનેજિંગ ડિરેક્ટર, અશક્તતાને કારણે અથવા અન્યથજા, તેમની ફરજો બજાવી શકે તેમ ન હોય અથવા રજા લઇને અથવા તેમનો હોદ્દો ખાલી થતો ન હોય તેવા સંજોગોમાં અન્યથા ગેરહાજર રહ્યા હોય, તો રાજ્ય સરકાર, તેમની ગેરહાજરી દરમિયાન તેમની જગાએ કામ કરવા બીજી વ્યક્તિ ને નીમી શકશે.

**કોર્પોરેશનના અધિકારીઓ અને અન્ય નોકરો.**

૧૩. (૧) કોર્પોરેશન, તેનાં કાર્યો કાર્યક્ષમ રીતે બજાવવા પોતાને જરૂરી લાગે તે અધિકારીઓ અને અન્ય નોકરોને નીમી શકશે અને તેમની નિમણૂંક અને નોકરીની શરતો અને તેમને આપવાનાં મહેનતાણાં વિનિયમોથી અથવા અન્યથા નક્કી કરી શકશે.

(૨) કોર્પોરેશન, સામાન્ય અથવા ખાસ હુકમથી, મેનેજિંગ ડિરેક્ટરને અથવા કોર્પોરેશનના અન્ય કોઇ અધિકારી અથવા નોકરને, વિનિયમો કરવાની સત્તા સિવાયની પોતે જરૂરી ગણે તેવી, આ અધિનિયમ હેઠળની તેની સત્તા અને ફરજો, પૈકીની કોઇપણ સત્તા અને ફરજ, નિદિષ્ટ કરવામાં આવે તે શરતો અને મર્યાદા હોય, તો તેને આધીન રહીને, સોંપી શકાશે.

**કોર્પોરેશનની બેઠકો.**

૧૪. (૧) વિનિયમોથી ઠરાવવામાં આવે તે સમયે અને તે સ્થળોએ કોર્પોરેશન મળશે અને તેની બેઠકોમાં (એવી બેઠકોમાં કોરમ સહિત) કાર્ય સંચાલન અંગે સદરહુ વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોનું તે પાલન કરશે.

(૨) અધ્યક્ષ અથવા કોઇપણ કારણે કોઇ બેઠકમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોય. તો તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચૂંટેલા અન્ય કોઇ ડિરેક્ટર, કોર્પોરેશનની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.

(૩) કોર્પોરેશનની કોઇ બેઠક સમક્ષ આવતા તમામ પ્રશ્નોનો નિર્ણય, હાજર રહીને મત આપતા ડિરેક્ટરોની બહુમતિથી કરવામાં આવશે. અને મતો સરખા પડે તે પ્રસંગે, અધ્યક્ષને અથવા તેમની ગેરહાજરીમાં, અધ્યક્ષ સ્થાન લેનાર વ્યક્તિને, બીજો અથવા નિર્ણાયક મત રહેશે, જે તેઓ વાપરશે.

**કોઈ ખામી હોય તે છતાં, કાર્યો અને કાર્યવાહી કાયદેસર હોવાનું માની લેવા બાબત.**

૧૫. (૧) કોર્પોરેશનમાં કોઇ ખાલી જગા હોવાને અથવા તેની રચનામાં કોઇ ખામી હોવાને કારણે જ, કોર્પોરેશનના કોઇ કાર્ય અથવા કાર્યવાહી સામે વાંધો ઉઠાવી શકાશે નહિ અથવા તે ગેરકાયદેસર થશે નહિ,

(૨) ડિરેક્ટર તરીકે શુદ્ધબુદ્ધિથી કાર્ય કરનાર કોઇ વ્યક્તિએ કરેલ કોઇ કાર્ય, માત્ર એટલા જ કારણે ગેરકાયદેસર ગણાશે નહિં કે તે, ડિરેક્ટર તરીકે ગેરલાયક થઇ હતી અથવા તેની નયુક્તિમાં અન્ય કોઇ ખામી હતી.

**અમુક કેસોમાં ગેરલાયકાત ન હોવા બાબત.**

૧૬. કોઇ વ્યક્તિ, અધ્યક્ષ અથવા ડિરેક્ટર છે એ હકીકતને કારણે જ, રાજ્ય વિધાનસભાના સભ્ય તરીકે પસંદ થવા માટે અથવા સભ્ય થવા માટે ગેરલાયક ગણાશે નહિ.

## પ્રકરણ - ૩

## કોર્પોરેશનનાં કાર્યો અને સત્તા

**કોર્પોરેશનનાં કાર્યો અને સત્તા**

૧૭. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, ગુજરાત રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકોની સામાજિક અને આર્થિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે અને કોર્પોરેશનને, આવી ફરજો બજાવવા માટે જરૂરી હોય તેવાં તમામ કાર્યો કરવાના અને તેવી તમામ સત્તા વાપરવાનો અધિકાર રહેશે.

(૨) પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, કોર્પોરેશનની એવી સત્તામાં, નીચે પ્રમાણે કરવા માટેની સત્તાનો સમાવેશ થશે.

(૧) પોતાની મેળે અથવા કોર્પોરેશન મંજૂર કરે તેવાં પછાત વર્ગના સંગઠનો અથવા અન્ય એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફત કૃષિ વિકાસનો કોઇ કાર્યક્રમ, બજાર વ્યવસ્થા, પ્રક્રિયા, ખેત-ઉત્પન્ના પુરવઠો, અને સ્ટોરેજ, લઘુ ઉદ્યોગ, મકાનોના બાંધકામ, હેરફેર અને રાજ્ય સરકાર આ અર્થે મંજૂર કરે તેવી અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરવાની અને તેનુ ત્તેજન આપવાની ;

(૨) પોતાની મેળે અથવા કોર્પોરેશન મંજૂર કરે તેવા પછાત વર્ગનાં સંગઠનો અથવા અન્ય એજન્સીઓના સહયોગથી અથવા તેમની મારફથ, કોર્પોરેશનના ઉદ્દેશોને આગળ ધપાવવા માટે, ખંડ (૧) માં કરેલી નિદિષ્ટ કરેલી બાબતો પૈકીની કોઇપણ બાબતના સંબંધમાં , કોઇપણ પ્રવૃત્તિ હાથ ધરવાની ;

(૩) પછાત વર્ગનાં સંગઠનોનાં સભ્યોને ખેતી વિષયક અથવા ઔદ્યોગિક યંત્રસામગ્રી અથવા સાધન સામગ્રી ભાડે આપવાની ;

(૪) પછાત વર્ગના સંગઠનોનાં સભ્યોને ગ્રાન્ટ અને આર્થિક સહાય આપવાની અને તેઓએ લીધેલી લોનોની બાંયધરી આપવાની ;

(૫) પછાત વર્ગના નાગરિકો માટે રોજગારની તકોને ઉત્તેજના આપવાની ;

(૬) રાજ્ય સરકાર, કોર્પોરેશનને સોંપે તેવી અન્ય કોઇ પ્રવૃત્તિ હાથ ધરવાની ;

(૭) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના નાગરિકોને અથવા પછાત વર્ગના સંગઠનોને લોનો આપવાની અથવા તેમને માટે સુરક્ષિત લોનો મેળવવાની ;

(૮) રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહીને, નાણાં ઉછીનાં લેવાની ;

(૯) બોન્ડ અને ડિબેન્ચરો કાઢવાની ;

(૧૦) પ્રોમિસરી નોટો, વિનિમયપત્રો, હૂંડીઓ, બિલો, વોરન્ટો, અને બીજા વટાઉ ખતો લખવાની, કરવાની, સ્વીકારવાની, તેના ઉપર શેરો કરવાની, તે વટાવવાની, કરી આપવાની અને બહાર પાડવાની;

(૧૧) કોર્પોરેશનનાં વધારાનાં નાણાં સરકારી જામીનગીરીઓમાં અથવા રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી આદેશ કરે તેવી અન્ય રીતે રોકવાની અથવા થાપણ તરીકે મુકવાની ; અને

(૧૨) ઠરાવવામાં આવે તેવાં અથવા આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને સોંપવામાં આવેલાં કાર્યો પૈકીનાં કોઈપણ કાર્યને પૂરક, આનુષગિંક અથવા પારિણામિક હોય તેવાં અન્ય કાર્યો બજાવવાની.

## પ્રકરણ-૪

## નાણાં, હિસાબ અને ઓડિટ

૧૮. (૧) કોર્પોરેશનને, પોતાનાં કાર્યો બજાવવાના હેતુ માટે જોઈએ તેટલી, રાજ્ય સરકારને મૂડી તરીકે યોગ્ય લાગે તેટલી પંદર કરોડ રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમની જોગવાઈ, રાજ્ય સરકાર, કોર્પોરેશન માટે કરી શકશે.

પરંતુ પ્રારંભે જોગવાઈ કરેલી મૂડી, પાંચ કરોડ રૂપિયાથી ઓછી હોય, તો રાજ્ય સરકાર, તે મૂડી, પંદર કરોડ રૂપિયાથી વધુ ન હોય તે રકમ સુધી, વખતોવખત, વધારી શકશે.

(૨) રાજ્ય સરકાર નક્કી કરે તેવી બોલીઓ અને શરતોને આધીન રહીને, આવી મૂડીની જોગવાઈ કરી શકાશે.

(૩) આવી રીતે જોગવાઈ કરેલી મૂડી, કોર્પોરેશનના ફંડનો ભાગ બનશે.

**રાજ્ય સરકારે પ્રારંભિક મૂડીની જોગવાઈ કરવા બાબત.**

૧૯. (૧) કોર્પોરેશનને પોતાનું ફંડ રહેશે.

**કોર્પોરેશનનું ફંડ**

(૨) કોર્પોરેશન, આ અધિનિયમના તમામ હેતુઓ અથવા તે પૈકીના કોઈ હેતુ માટે, કેન્દ્ર અથવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તાધિકારી અથવા કોઈપણ વ્યક્તિ અથવા સંસ્થાપિત હોય કે ન હોય તેવા વ્યક્તિઓના કોઈ મંડળ પાસેથી ગ્રાન્ટ, આર્થિક સહાય, દાન અને બક્ષિસો સ્વીકારી શકશે.

(૩) રાજ્ય સરકાર, વખતોવખત, કોર્પોરેશનને આપે તેવી તમામ રકમો અને કોર્પોરેશનની તમામ અન્ય આવકો, કોર્પોરેશનના ફંડમાં જમા કરવામાં આવશે અને કોર્પોરેશનને ચૂકવવાની તમામ રકમો, તેમાંથી આપવામાં આવશે.

(૪) કોર્પોરેશન, આ અધિનિયમ હેઠળનાં પોતાનાં કાર્યો બજાવવા માટે, પોતાને યોગ્ય લાગે તેટલી રકમ ખર્ચી શકશે અને આવી રકમોને, કોર્પોરેશનના ફંડમાંથી ચૂકવવાના ખર્ચ તરીકે ગણવામાં આવશે.

(૫) કોર્પોરેશનના ફંડમાંના તમામ નાણાં, રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી આદેશ કરે તેવી બેન્કમાં થાપણ તરીકે મૂકવાં જોઈશે અથવા સરકારી જામીનગીરીઓમાં અથવા રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી આદેશ કરે તેવી રીતે રોકવાં જોઈશે.

૨૦. (૧) કોર્પોરેશનનું સરવૈયું અને તેના હિસાબો, ઠરાવવામાં આવે તે નમૂનામાં અને તે રીતે તૈયાર કરીને રાખવાં જોઈશે **હિસાબો.**

(૨) કોર્પોરેશને, દર વર્ષે, માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે સિલક મેળવીને, કોર્પોરેશનનાં હિસાબોના ચોપડા બંધ કરાવવાં જોઈશે.

ઓડિટ. ૨૧. (૧) કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૨૬ ની પેટા-કલમ (૧) હેઠળ ઓડિટરો તરીકે કામ કરવા, યોગ્ય રીત લાયકાત ધરાવતા ઓડિટરોને કોર્પોરેશને નીમવા જોઈશે અને તેમણે દરેક નાણાંકીય વર્ષમાં કોર્પોરેશનના હિસાબો એકવાર ઓડિટ કરવા જોઈશે અને તેમને, કોર્પોરેશન ઠરાવે તેટલું મહેનતાણુ કોર્પોરેશનમાંથી મળશે.

(૨) ઓડિટરોને, કોર્પોરેશનના વાર્ષિક સરવૈયાની અને આવક અને ખર્ચના હિસાબની નકલ પૂરી પાડવી જોઈશે અને વાર્ષિક સરવૈયા અને આવક અને ખર્ચનો હિસાબ, તે અંગેના હિસાબો અને વાઉચરો સાથે તપાસવાની ઓડિટરોની ફરજ રહેશે અને કોર્પોરેશને રાખેલા તમામ ચોપડાની યાદી તેઓને આપવી જોઈશે અને તેઓ, તમામ વાજબી સમયે, કોર્પોરેશનના ચોપડા, હિસાબો તથા અન્ય દસ્તાવેજો તપાસી શકશે અને ઓડિટર તરીકેની પોતાની ફરજો બજાવવા માટે તેઓને જરૂરી લાગે તેવી માહિતી કોર્પોરેશનના કોઈ ડિરેક્ટર અથવા અધિકારી પાસેથી માંગી શકશે.

(૩) ઓડિટરોએ, પોતે તપાસેલ વાર્ષિક સરવૈયા અને હિસાબોનો રિપોર્ટ કોર્પોરેશનને કરવો જોઈશે અને સરવૈયું, તેમના અભિપ્રાય મુજબ, કોર્પોરેશનના કામકાજની ખરી અને યથાર્થ પરિસ્થતિ દર્શાવવા માટે તમામ જરૂરી વિગતોવાળું અને યોગ્ય રીતે તૈયાર કરેલું સંપૂર્ણ અને રીતસરનું સરવૈયું છે કે કેમ તે તેઓએ એવા દરેક રિપોર્ટમાં જણાવવું જોઈશે.

(૪) કોર્પોરેશને, રાજ્ય સરકારને, પેટા-કલમ(૩) હેઠળ ઓડિટરોએ કરેલા રિપોર્ટની નકલ સાથે, તેના સરવૈયા અને હિસાબની નકલ અને પ્રસ્તુત મુદત દરમિયાન કોર્પોરેશનના કામકાજ અંગેના રિપોર્ટની નકલ, જે તારીખે તેના હિસાબો બંધ કરી સિલક મેળવવામાં આવી હોય તે તારીખથી ચાર મહિનાની આંદર પૂરી પાડવી જોઈશે.

(૫) પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલા રિપોર્ટની નકલો, રાજ્ય સરકારે, બનતી ત્વરાએ, રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવી જોઈશે.

**પ્રકરણ ૫.**

**પ્રકીર્ણ**

સલાહકાર સમિતિ ૨૨. (૧) રાજ્ય સરકાર, વખતોવખત, પોતાને યોગ્ય લાગે તેટલી વ્યક્તિઓની બનેલી સલાહકાર સમિતિ ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ રચી શકશે.

(૨) કોર્પોરેશન, પોતાને યોગ્ય લાગે, તો તેની સમક્ષ આવતાં કોઈપણ કામકાજ અંગે સલાહકાર સમિતિ સાથે પરામર્શ કરી શકશે અને રાજ્ય સરકાર, આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી, નિર્દિષ્ટ કરે તેવા કામકાજના સંબંધમાં અથવા વિનિયમોથી તેમ કરવાનું જરૂરી લાગે, ત્યારે તેમ કરશે.

(૩) સલાહકાર સમિતિ, ઠરાવવામાં આવે તે મુદતે અને તાકીદનું કામકાજ કરવા માટે, કોર્પોરેશનના અધ્યક્ષ ફરમાવે તેવા બીજા પ્રસંગોએ મળશે.

(૪) સલાહકાર સમિતિની બેઠકમાં કોરમ રચવા માટે, જરૂરી સભ્યોની સંખ્યા, રાજ્ય સરકાર, સમિતિની રચના વખતે, નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

**કોર્પોરેશનનાં લેણાં નીકળતાં નાણાં વસૂલ કરવા બાબત.**

૨૩.(૧) કોર્પોરેશને આપેલી પેશગીઓ અથવા અન્ય નાણાંકીય સગવડના સંબંધમાં કોઈ વ્યક્તિ પાસેથી કોર્પોરેશનની કોઈ રકમ લેણી નીકળતી હોય, ત્યારે ઠરાવેલા નમૂના પ્રમાણેનું પ્રમાણપત્ર મેનેજિંગ ડિરેક્ટરે આપ્યે, જેની પાસેથી એવી રકમ લેણી નીકળતી હોય તે વ્યક્તિ જે જિલ્લામાં રહેતી હોય અથવા ધંધો કરતી હોય અથવા કોઈ માલિકી ધરાવતી હોય તે જિલ્લાના કલેક્ટર, સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલું પ્રમાણપત્ર કાઢી આપતાં પહેલાં, મેનેજિંગ ટિરેક્ટરે, રાજ્ય સરકાર આ અર્થે સત્તા આપે તે અધિકારીને અરજી કરવી જોઈશે. અને સબંધિત વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી અને પોતાને જરૂર લાગે તેવી વધુ તપાસ કર્યા પછી તે અધિકારીએ, હુકમ કાઢીને, કોર્પોરેશનની લેણી નીકળતી રકમ નક્કી કરવી જોઈશે અને તેણે તેની જાણ મેનેજિંગ ડિરેક્ટરને કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ સત્તા આપેલા અધિકારીએ હુકમ સામે અપીલ, ઠરાવવામાં આવે તે મુદ્દતની અંદર અને તે સત્તાધિકારીને થઈ શકશે.

(૪) પેટા-કલમ (૨) હેઠળ સત્તા આપેલા અધિકારીએ અને આપેલી સત્તાકિારીએ, ઠરાવવામાં આવે તે કાર્યરીતિ અનુસરવી જોઈશે.

(૫) મેનેજિંગ ડિરેક્ટરે, પેટા-કલમ (૧) હેઠળ કાઢી આપેલું પ્રમાણપત્ર આખરી અને નિર્ણાયક ગણાશે અને કોઈ સત્તાધિકારી અથવા કોર્ટ સમક્ષ તેની સામે વાંધો ઉઠાવી શકશે નહિ.

(૬) કોઈ લોનના સંબંધમાં, કોર્પોરેશનની લેણી કોઈ રકમ વસૂલ કરવાના હેતુ માટે મુખ્ય વ્યક્તિના જામીન વિરૂદ્ધ કાર્યવાહી કરતાં પહેલાં, તે મુખ્ય વ્યક્તિની વિરૂદ્ધ કાર્યવાહી કરવાનું જરૂરી રહેશે નહિ.

**વિસર્જન**

૨૪. (૧) કંપનીઓ અથવા કોર્પોરેશન આટોપી લેવા, તેમનું વિસર્જન કરવા અથવા તેમને ફડચામાં લઈ જવા સંબંધી આ અધિનિયમ સિવાયના કાયદાની કોઈપણ જોગવાઈ કોર્પોરેશનને લાગુ પડશે નહિ.

(૨) કોર્પોરેશન પોતાનાં કાર્યો બજાવવાનું ચૂકે અથવા પોતાની સત્તા બહાર જાય, તો અથવા કલમ ૨૧ હેઠળ રિપોર્ટ મળ્યે, રાજ્ય સરકાર, શા માટે કોર્પોરેશનનું વિસર્જન ન કરવું જોઈએ તેનું કારણ દર્શાવવા કોર્પોરેશનને ફરમાવી શકશે અને નિર્દિષ્ટ કરેલી મુદ્દતની અંદર કોઈ ખુલાસો આપવામાં ન આવે અથવા રાજ્ય સરકારને ખુલાસાથી સંતોષ ન થાય, તો રાજ્ય સરકાર, નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી કોર્પોરેશનનું વિસર્જન કરી શકશે.

**કોર્પોરેશનનું વિસર્જન કરવામાં પરિણામો.**

૨૫. (૧) કલમ ૨૪ હેઠળ, કોર્પોરેશનનું વિસર્જન કરવામાં આવે, ત્યારે

(૧) તમામ ડિરેક્ટરોએ, વિસર્જનની તારીખથી પોતાના હોદ્દા ખાલી કરવા જોઈશે;

(૨) વિસર્જનની મુદ્દત દરમિયાન કોર્પોરેશનની તમામ સત્તા અને ફરજો, રાજ્ય સરકાર, આ અર્થે નીમે તે વ્યક્તિએ વાપરવી અને બજાવવી જોઈશે;

(૩) કોર્પોરેશનમાં નિહિત થયેલાં તમામ નાણાં અને અન્ય મિલકત, વિસર્જનની મુદ્દત દરમિયાન, રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૪) રાજ્ય સરકાર, પોતાને યોગ્ય લાગે તેટલી મુદ્દત પછી, કોર્પોરેશનની પુર્નરચના કરી શકશે.

**શુદ્ધ બુદ્ધથી લીધેલાં પગલાનું રક્ષણ**

૨૬. આ અધિનિયમ અનુસાર પોતે શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યથી થયેલા અથવા થવાનો સંભવ હોય તેવા કોઈ નુકસાન અથવા હાનિ માટે, કોર્પોરેશન સામે અથવા મેનેજિંગ ડિરેક્ટર સહિતના કોઈ ડિરેક્ટર સામે અથવા આ અધિનિયમ હેઠળના કોઈપણ કાર્યો બજાવવા માટે, કોર્પોરેશને અધિકૃત કરેલા કોઈ અધિકારી અથવા અન્ય નોકર અથવા અન્ય કોઈ વ્યક્તિ સામે દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

**ડિરેક્ટરોને ક્ષતિપૂર્તિ કરી આપેલ બાબત.**

૨૭. (૧) દરેક ડિરેક્ટર, પોતાની ફરજો બજાવતા હોય, ત્યારે તેમણે, જાણીબુઝીને કરેલાં કૃત્ય અથવા કસૂરથી થયેલ નુકસાન અને ખર્ચ સિવાયનાં તમામ નુકસાન અને ખર્ચ માટે તેમને ક્ષતિપૂર્તિ કરી આપવી જોઈશે.

(૨) કોઈ ડિરેક્ટર, અન્ય કોઈ ડિરેક્ટરનાં કાર્યો માટે અથવા કોર્પોરેશનના કોઈ અધિકારી અથવા અન્ય નોકરનાં કાર્યો માટે અથવા કોર્પોરેશન વતી શુદ્ધબુદ્ધિથી સંપાદિત કરેલી અથવા લીધેલી કોઈ મિલકત અથવા જામીનગીરીનું મૂલ્ય અપૂરતું હોવાને અથવા તેનો હક ખામીવાળો હોવાને કારણે અથવા કોઈ દેણદારની અથવા કોર્પોરેશનને જવાબદાર હોય તેવી કોઈ વ્યક્તિની નાદારી અથવા તેનાં ગેરકાયદેસર કૃત્યને કારણે, કોર્પોરેશનને થતા કોઈ નુકસાન અથવા ખર્ચ માટે અથવા પોતાના હોદ્દાની ફરજો બજાવવામાં અથવા તે સંબંધમાં શુદ્ધબુદ્ધિથી કરેલાં કાર્ય માટે જવાબદાર રહેશે નહિં.

**વિનિયમો કરવાની કોર્પોરેશનની સત્તા**

૨૮. (૧) કોર્પોરેશન, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે, જેની જોગવાઈ કરવી આવશ્યક અથવા ઇષ્ટ હોય તે તમામ બાબતો માટે જોગવાઈ કરવા, આ અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકરશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપાકતાને બાધ આવ્યા વિના, આવા વિનિયમોથી, નીચેની તમામ બાબતો અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે

(ક) કોર્પોરેશનની બેઠકોનાં સમય અને સ્થળ અને એવી બેઠકો સંબંધમાં અનુસરવાની કાર્યરીતિ, કાર્ય સંચાલન માટે જરૂરી કોરમ સહિત,

(ખ) મેનેજિંગ ડિરેક્ટરે બજાવવાની ફરજો;

(ગ) કોર્પોરેશનના અધિકારીઓ તથા અન્ય નોકરોનાં ફરજો, વર્તન, પગાર, ભથ્થાં અને તેમની નોકરીની શરતો;

(ઘ) કોર્પોરેશનના અધિકારીઓને અને અન્ય નોકરોને સત્તા અને કાર્યો સોંપવા બાબત;

(ચ) કોર્પોરેશનના અધિકારીઓ અને નોકરો માટે પ્રોવિડન્ટ અને અન્ય લાભદાયક ફંડો સ્થાપવા અને જાળવવા બાબત;

(છ) કોર્પોરેશનનાં કામકાજનાં કાર્યક્ષમ સંચાલન માટે જરૂરી હોય અથવા બને તેવી કોઈ અન્ય બાબત.

નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા.

૨૯. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના તમામ હેતુઓ અથવા તે પૈકીના કોઈપણ હેતુ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, એવા નિયમોથી, નીચેની તમામ બાબતો અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે;

(ક) ડિરેક્ટરોની નોકરીની બોલીઓ અને શરતો અને તેમને આપવાનાં ફી અને ભથ્થા;

(ખ) કલમ ૧૭ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા હોય તે ઉપરાંત, કોર્પોરેશને બજાવવાનાં કાર્યો અને જે શરતો અને નિયંત્રણોને અધીન રહીને, તે કાર્યો બજાવવા જોઈશે તે શરતો અને નિયંત્રણો;

(ગ) હિસાબ રાખવાનો અને સરવૈયું અને આવક અને ખર્ચનો હિસાબ તૈયાર કરવાનો નમૂનો અને રીત;

(ઘ) કલમ ૨૩ હેઠળ મેનેજિંગ ડિરેક્ટરે કાઢી આપવાના પ્રમાણપત્રનો નમૂનો, કેટલી મુદ્દતની અંદર અને ક્યા સત્તાધિકારી સમક્ષ અપીલ ફાઈલ કરી તે અને અપીલ સત્તાધિકારીએ અનુસરવાની કાર્યરીતિ;

(ચ) ઠરાવવાનું આવશ્યક હોય અથવા ઠરાવવામાં આવે તેવી અન્ય કોઈ બાબત.

(૩) આ કલમ હેઠળ કરવામાં આવેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યારપછીના તરત આવતા સત્ર દરમિયાન, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કંઈ ફેરફારો કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ, એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કાંઈ ફેરફાર કરે તે, રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

## અનુસૂચિ

## (જુઓ કલમ ૨નો ખંડ (ખ)

૧. આગ્રી.

૨. આહીર, આયર-બોરીચા.

૩. બાફણ (મુસ્લિમ).

૪. બારોટ, વહીવંચા ચારણ ગઢવી.

૫. બાવરી અથવા બાઓરી.

૬. બાવાઃ-અતીત બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઈ, દશનામ ગોસ્વામી, રામાનંદી, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માર્ગી, ગંગા જલીઆ, દશનામી બાવા, ગિરી.

૭. ભાલીઆ.

૮. ભામટા, પરદેશી-ભામટા.

૯. ભરવાડ, મોટાભાઈ ભરવાડ, નાનાભાઈ ભરવાડ.

૧૦. ભોઈ, ભોઈરાજ, ઢીમર, ઝીંગા ભોઈ, કેવટ ભોઈ, ભાનારા ભોઈ, મછિન્દ્ર ભોઈ, પાલેવાર ભોઈ, કિરાત ભોઈ, કહાર ભોઈ પરદેશી ભોઈ, શ્રીમાળી ભોઈ.

૧૧. ચારણ ગઢવી.

૧૨. છારૈ આડોડીઆ, સાંસ.

૧૩. ચુનારા.

૧૪. ચુંવણિયા કોળી.

૧૫. ડબગર.

૧૬. દિવેચા કોળી.

૧૭. ડફેર (હિન્દુ અને મુસ્લિમ)

૧૮. ધોબી.

૧૯. ફકીર અથવા ફકીર (મુસ્લિમ).

૨૦. ગધઈ (મુસ્લિમ).

૨૧. ગાડલીઆ અથવા ગાડી લુહારીઆ.

૨૨. ગળીઆર (મુસ્લિમ).

૨૩. ઘાંચી (મુસ્લિમ).

૨૪. ઘેડીયા કોળી.

૨૫. ગોલા-રાણા.

૨૬. હિંગારો (મુસ્લિમ).

૨૭. જલાયા, ગરાણા, તરીયા અને તરી (બધા મુંસ્લિમ).

૨૮. જત. (મુસ્લિમ).

૨૯. કંકાડી.

૩૦. કાંબડીઆ ભગત.

૩૧. કાંગસીઆ.

૩૨. ખાટકી અથવા કસાઈ, ચામડીઆ, ખાટકી હાલારી ખાટકી (બધા મુસ્લિમ).

૩૩. ખટીક.

૩૪. ખાંટ.

૩૫. ખારવા-ભાડેલા.

૩૬. ખ્રિસ્તી, ગુજરાતી, ક્રિશ્ચિયન, (ફક્ત અનુસૂચિત જાતિઓમાંથી ધર્મ પરિવર્તન કરનારા)

૩૭. કોળી, ઇડરીયા, કોળી, રાઠવા-કોળી, બારીઆ-કોળી, ઢેબરીયા-કોળી.

૩૮. લબાના, મહેરાવત, ગોટી, હડકશી, ઝોડ, ઢીંગા, પેલ્યા, શાતબે, બામણ.

૩૯. લોધા.

૪૦. મીર, ઢાઢી, લંઘા, મિસરાસી, (બધા મુસ્લિમ)

૪૧. માછી (હિન્દુ) ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બીતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ, કહાર,

૪૨. મદારી, નાથ, ભરથરી.

૪૩. માજોઠી, કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (બધા મુસ્લિમ).

૪૪. મકરાણી (મુસ્લિમ).

૪૫. મતવા અથવા મતવા-કુરેશી. (મુસ્લિમ), ગવલી (હિન્દુ)

૪૬. મે અથવા મેતા.

૪૭. મેણા. (ભીલ).

૪૮. મેર.

૪૯. મિયાણા (મુસ્લિમ).

૫૦. નટ, નટ-બજાણિયા, બાજીગર, નટડા.

૫૧. ઓડ.

૫૨. પદ્મશાલી-પટ્ટશાલી.

૫૩. પિંજારા, ઘાંચી-પિંજારા, મનસુરી-પિંજારા (બધા મુસ્લિમ).

૫૪. રબારી, ભોપા, કોડીઆતર, સોરઠીયા, ચંપ્પા.

૫૫. રાઠોડિયા.

૫૬. રાવળ-રાવળીયા, જતી અથવા રાવળ-યોગી, રાવળ-જતી, જાગરિયા.

૫૭. સલાટ (સોમપુર સલાટ સિવાયના), સલાટ ઘેરા.

૫૮. સંધી. (મુસ્લિમ).

૫૯. સરાણીઆ.

૬૦. સરગરા.

૬૧. મવણ, સરવણ.

૬૨. શિકલીગર.

૬૩. સીદી.

૬૪. સિપાઈ, પટણી-જમાત અથવા તુર્ક જમાત (બધા મુસ્લિમ).

૬૫. તળપદા કોળી.

૬૬. તન્કર.

૬૭. તરગાળા, ભવૈયા, નાયક, ભોજક.

૬૮. ઠાકરડા, ઠાકોર, પાટણવાડિયા, ધારાળા, બારૈયા

૬૯. ડેબા. (મુસ્લિમ).

૭૦. વાદી.

૭૧. હરિજન વણકર અને ચમારના વહીવંચા, ચારણ-ગઢવી.

૭૨. વાળંદ, નાયી અને બાબર (હિન્દુ) હજામ, ખલીફા (મુસ્લિમ).

૭૩. વણકર-સાધુ.

૭૪. વાંસફોડા, વાંસફોડિઆ અથવા વાંઝા.

૭૫. વણજારા, શિનાગવાલા, અને કાંગસીવાલા (હિન્દુ) અને ફકત ડાંગ જિલ્લાના વણજારા (મુસ્લિમ).

૭૬. વાઘરી, દાતણિયા વાઘરી, વેડુ વાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી. ગોદડિયા વાઘરી, ચીભડીઆ વાઘરી, મારવાડા અથવા મારવાડા વાઘરી.

૭૭. વાઘેર (હિન્દુ અને મુસ્લિમ).

૭૮. વાંઢારા.

Extra No. 107 REGISTRED NO. G/GNR/2

©

# The Gujarat Government Basette
## EXTRAORDINARY
### PUBLISHED BY AUTHORITY

Vol. XXVII] FRIDAY, SEPTEMBER 12, 1986/BHADRA 21, 1908

**Separate paging is given to this Part in order that it may be filed as a separate Compilation**

# PART IX

**Gujarati translation of Bills, Acts and Notification other than those published in otehr parts.**

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૬

તારીખ ૧૧ મી સપ્ટેમ્બર, ૧૯૮૬ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

શ.ન. મહેતા
સરકારના નાયબ સચિવ

# GUJARAT ACT NO.21 OF 1986

## AN ACT

*to amend the Gujarat Tribal Development Corporation Act., 1972, the Gujarat ScheduledË Castes Development Corporation Act, 1985 and the Gujarat Backward Classes Development Corporation Act, 1985 for certan purposrs.*

**સન ૧૯૮૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૧**

**(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૮૬ના સપ્ટેમ્બર, મહિનાની ૧૧મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)**

**અમુક હેતુઓ માટે ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ અને ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ સુધારવા બાબત અધિનિયમ.**

આથી ભારતના ગણરાજ્યના સાડત્રીશમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.

**ટૂંકી સંજ્ઞા. અને આરંભ**

૧. (૧) આ અધિનિયમ, 'ગુજરાત વિકાસ કોર્પોરેશન કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૮૬' કહેવાશે.

(૨) તે સન ૧૯૮૬ના જુલાઈ મહિનાની ૨જી તારીખે અમલમાં આવ્યો,છે એમ ગણાશે.

**સન ૧૯૭૨ નો ગુજરાતનો ૫મો**

**સન ૧૯૭૨ના ગુજરાતના ૫મા અધિનિયમના સુધારા.**

૨. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશ અધિનિયમ, ૧૯૭૨માં,-

(૧) કલમ ૨માં,-

(ક) ખંડ (ચ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો :

''(ચ) ''ડિરેકટર'' એટલે બોર્ડના કોઈ સભ્ય અને તેના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો સમાવેશ થાય છે.''

(ખ) ખંડ (દ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :

''(ધ) ''ઉપાધ્યક્ષ'' એટલે બોર્ડના ઉપાધ્યક્ષ.''

(૨) કલમ ૭માં, પેટા-કલમ (૨) ને બદલે, નીચેની પેટા કલમ મૂકવી :

''(૨) રાજ્ય સરકાર, ડિરેકટરો પૈકીના એક ડિરેકટરને અધ્યક્ષ તરીકે અને અન્ય ડિરેકટરો પૈકીના એક ડિરેકટરને ઉપાધ્યક્ષ તરીકે નીમશે.''

(૩) કલમ ૧૨માં,-

(ક) પેટા-કમલ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :

''(૨) અધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોય, તો ઉપાધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ પણ હાજર રહી શકે

તેમ ન હોય તો, તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચૂંટેલા અન્ય કોઈ ડિરેક્ટર. બોર્ડની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે."

(ખ) પેટા-કલમ (૩)માં ''અધ્યક્ષ અથવા, તેમની ગેરહાજરીમાં," એ શબ્દોને બદલે, ''અઘક્ષ અથાવ, તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ અથવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, એ બન્નેની ગેરહાજરીમાં," એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૫ના ગુજરાતના ૧૦મા અધિનિયમતા સુધારા.

૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫માં,- સન ૧૯૮૫ નો ગુજરાતનો ૧૦મો.

(૧) કલમ ૨માં-

(ક) ખંડ (ઘ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :

''(ઘ) ''ડિરેક્ટર" એટલે કોર્પોરેશન ડિરેક્ટર અને તેમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો સમાવેશ થાય છે."

(ખ) ખંડ (થ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

''(દ) ''ઉપાધ્યક્ષ" એટલે કોર્પોરેશનના ઉપાધ્યક્ષ."

(૨) કલમ ૫માં, પેટાકલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૨) રાજ્ય સરકાર, ડિરેક્ટરો પૈકીના એક ડિરેક્ટરને અધ્યક્ષ તરીકે અને અન્ય ડિરેક્ટરો પૈકીના એક ડિરેક્ટરને ઉપાધ્યક્ષ તરીકે નીમશે."

(૩) કલમ ૧૩માં-

(ક) પેટા કલમ (૨) ને બદલે નીચેની પેટા કલમ મુકવી.

''(૨) અધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોય, તો ઉપાધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ પણ હાજર રહી શકે તેમ ન હોય, તો તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચૂંટેલા અન્ય કોઈ ડિરેક્ટર, કોર્પોરેશનની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે."

(ખ) પેટા-કલમ (૩)માં ''અધ્યક્ષને અથવા તેમની ગેરહાજરીમાં," એ શબ્દોને બદલે, ''અધ્યક્ષને અથવા, તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષન અથવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ એ બન્ને ગેરહાજરીમાં," એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૧મો.

૪. ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫માં,- સન ૧૯૮૫ના ગુજરાતના ૧૧મા અધિનિયમના સુધારા.

(૧) કલમ ૨માં,-

(ક) ખંડ (જ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

''(જ) ''ડિરેક્ટર" એટલે કોર્પોરેશનના ડિરેક્ટર અને તેમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષનો સમાવેશ થાય છે."

(ખ) ખંડ (દ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

''(ઘ) ''ઉપાધ્યક્ષ'' એટલે કોર્પોરેશનના ઉપાધ્યક્ષ.''

(૨) કલમ ૬માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :

''(૨) રાજ્ય સરકાર ડિરેક્ટરો પૈકીના એક ડિરેક્ટરને અધ્યક્ષ તરીકે અને અન્ય ડિરેક્ટરો પૈકીના એક ડિરેક્ટરને ઉપાધ્યક્ષ તરીકે નીમશે.''

(૩) પેટા-કલમ ૧૪માં,-

(ક) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૨) અધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ હાજર રહી શકે તેમ ન હોય, તો ઉપાધ્યક્ષ અથવા કોઈપણ કારણસર કોઈ બેઠકમાં તેઓ પણ હાજર રહી શકે તેમ ન હોય તો તે બેઠકમાં હાજર રહેલા ડિરેક્ટરોએ ચૂંટેલા અન્ય કોઈ ડિરેક્ટર, કોર્પોરેશનની બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે.''

(ખ) પેટા-કમલ (૩)માં ''અધ્યક્ષને અથવા, તેમની ગેરહાજરીમાં,'' એ શબ્દોને બદલે, ''અધ્યક્ષને અથવા, તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષને અથવા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, એ બન્નેની ગેરહાજરીમાં,'' એ શબ્દો મૂકવાં.

(૪) કલમ ૧૮માં, પેટા-કલમ (૧)માં ''પાંચ કરોડ રૂપિયાથી'' એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે, ''પંદર કરોડ રૂપિયાથી એ શબ્દો મૂકવા.

**રદ કરવા બાબત અને અપવાદ.**

**સન ૧૯૮૬નો ગુજરાતનો વટહુકમ ૮.**

૫.(૧) ગુજરાત વિકાસ કોર્પોરેશન કાયદા (સુધારા) વટહુકમ, ૧૯૮૬, આથી રદ કરવામાં આવે છે.

**સન ૧૯૭૨નો ગુજરાતના ૧૦મો**

**સન ૧૯૮૫નો ગુજરાતનો ૧૧મો.**

(૨) એ પ્રમાણે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ અને ગુજરાત પછાત વર્ગ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના જે તે અધિનિયમો હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.